નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫

આદર્શ નિવાસી શાળા (કન્યા) પાલનપુર, જિ.બનાંસકાંઠા તથા આદર્શ નિવાસી શાળા (કન્યા) મોડાસા, જિ.અરવલ્લીના મકાન બાંધકામ બાબત

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક : SJED/MIS/e-file/17/2023/3431/G Section
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૪/૦૬/૨૦૨૪

**વંચાણમાં લીધા:**

(૧)નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)નો તા.૨૧/૧૨/૨૦૨૩નો પત્રક્રમાંક: અજાક/ગ/સ.છા./૨૦૨૩-૨૪/૫૬૪૯-૫૦

(૨)નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)નો તા.૨૨/૧૨/૨૦૨૩નો પત્રક્રમાંક: અજાક/ગ/સ.છા./૨૦૨૩-૨૪/૫૬૭૦-૭૧

(૩)નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)નો તા.૧૬/૦૨/૨૦૨૪નો પત્રક્રમાંક: અજાક/ગ/૭/૨૦૨૩-૨૪/૭૬૦-૬૨

**આમુખ:**

રાજ્યમાં અનુસૂચિત જાતિના ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અભ્યાસ સાથે રહેવા, જમવાની મફત સુવિધા મળી રહે તે હેતુથી રાજયમાં આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૨૧/૧૨/૨૦૨૩ના પત્રથી નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) દ્વારા આદર્શ નિવાસી શાળા (કન્યા) પાલનપુર, જિ.બનાંસકાંઠાના મકાન બાંધકામ માટે રૂ.૫.૯૪ કરોડની તથા વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૨૨/૧૨/૨૦૨૩ના પત્રથી નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) દ્વારા આદર્શ નિવાસી શાળા (કન્યા) મોડાસા, જિ.અરવલ્લીના મકાન બાંધકામ માટે રૂ.૩.૬૬ કરોડની નવી બાબતની વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં જોગવાઈ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે અન્વયે બજેટબુકમાં કુલ રૂ.૯.૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૧૬/૦૨/૨૦૨૪ના પત્રથી નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) દ્વારા સદરહુ બંને સંસ્થાઓના મકાનોના બાંધકામ માટે રૂ.૯.૬ કરોડનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા માટેની દરખાસ્ત કરેલ હતી જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ય વિચારણાને અંતે, આદર્શ નિવાસી શાળા(કન્યા) પાલનપુર, જિ.બનાંસકાંઠાના મકાન બાંધકામ માટે રૂ.૧૭.૯૫ કરોડ, વર્ષ ૨૦૨૪-૨૫ માટે 33% રકમ પ્રમાણે રૂ.૫.૯૪ કરોડ તથા આદર્શ નિવાસી શાળા(કન્યા) મોડાસા, જિ.અરવલ્લીના મકાન બાંધકામ માટે રૂ.૧૦.૯૭ કરોડ, વર્ષ ૨૦૨૪-૨૫ માટે 33% રકમ પ્રમાણે રૂ.૩.૬૬ કરોડ એમ વર્ષ ૨૦૨૪-૨૫ માટે 33% પ્રમાણે કુલ રૂ.૯.૬ કરોડનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આથી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

1. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)એ તત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડીઝાઇન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
2. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
3. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
4. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
5. જમીન સંપાદન/ પુનઃ સ્થાપન કે પુનઃવસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
6. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
7. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
8. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
9. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
10. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
11. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
12. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
13. ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
14. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)એ તકેદારી રાખવાની રહેશે.
15. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)એ તકેદારી રાખવાની રહેશે.
16. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
17. પ્રોજેકટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

18. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
19. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)એ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર યોજના રાજ્ય સરકારના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન , કે કેંદ્રીય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
21. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમયસર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકીય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમયસર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.
22. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
23. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
24. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
25. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
26. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
27. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં – ૯૫, મુખ્ય સદર – ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ, પેટા મુખ્ય સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૨૭૭ શિક્ષણ, પેટા સદર – SCW – ૨૯ આદર્શ નિવાસી શાળાના બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઈઓમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૮/૦૬/૨૦૨૪ની નોંધથી મળેલ વહીવટી મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના માન.રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સા.ન્યા. અને અ. વિ.
રવાના કર્યું
તારીખ 25/06/2024
નંબર
સહી

25/06/2024

(સંતોષ વસાવા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના :

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, પાલનપુર, જિ.બનાંસકાઠા
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, મોડાસા, જિ.અરવલ્લી
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અ.જા.ક. મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૪